| Publication: | Lokmitra | Edition: | Ahmedabad |
|---|---|---|---|
| Published Date: | 20 July 2017 | Page No.: | 3 |
| | | Display: | 1/1 |

# અમદાવાદમાં ૧ ઓગષ્ટે યોજાશે ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭

અમદાવાદ, ટાટા કન્સલટન્સી સર્વીસીસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વીસ, કન્સલન્ટીગ અને બીઝનેશ સોલ્યુશન્સ કંપની, આજે જાહેર કરે છે ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭ની અમદાવાદ આવૃતીની – જે ભારતની સ્કુલ માટેની સૌથી મોટી ટેક્નોલોજી ક્વીઝ છે અને તે અમદાવાદમાં ૧લી ઓગષ્ટે પંડીત દિનદયાલ ઉપાધ્યાય ઓડીટોરીયમ, રાજપથ ક્લબ પાછળ, એસ.જી. હાઈ વે, અમદાવાદમાં યોજાશે.

૮- ૧૨ ના સ્કુલના વિદ્યાર્થીઓ આ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. દરેક ઈન્સ્ટીટ્યુટ વધુમાં વધુ ૮ ટીમોને મોકલી શકે છે જે દરેક ટીમમાં ૨ સભ્યો હશે. કોઈ પ્રવેશ ફી નથી

ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૭નું આયોજન ભારતમાં ૧૨ સ્થળે થશે – અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્નર, ચેન્નાઈ, દિલ્હી, હૈદ્રાબાદ, ઈન્દોર, કોચી, કોલકત્તા, મુંબઈ, નાગપુર અને પુના.

પ્રવેશ માટેની એન્ટ્રી દરેક ઈન્સ્ટીટ્યુટ દ્વારા જુલાઈ ૨૮ કે તે પહેલા, શેફાલી, ટીસીએસ આઈટી વીઝ, કો-ઓર્ડીનેટર, ટાટા કન્સલટન્સી સર્વીસીસ, ગરીમા પાર્ક, પ્લોટ નં ૪૧, જીએચઓ સર્કલ નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭. વધુ માહિતી માટે – ૦૭૯ ૬૬૭૧૨૬૦૫ ૩૦૯૬ પર સંપર્ક કરી શકાશે. અને ઓનલાઈન પણ રજીસ્ટ્રેશન www.tcsitwiz.com પર કરાવી શકાશે. (૭-૪)